## તા. ૧૫-૧૦-૨૦૧૮ થી તા. ૨૨-૧૦-૨૦૧૮ સુધીની સારી કામગીરી

## રાજકોટ ગ્રામ્ય રાજકોટ

### 1. રીઢા વાહન ચોર ઈસમને પકડી પાડતી એસ.ઓ.જી. રાજકોટ ગ્રામ્ય ટીમ

પોલીસ અધિક્ષકશ્રી બલરામ મીણા સાહેબ રાજકોટ ગ્રામ્ય રાજકોટનાઓદ્વારા જિલ્લામા અનડીટેકટ રહેલ ઘરફોડ તથા વાહન ચોરીના ગુન્હાઓ ડીટેકટ કરવા માટે અસરકારક કાર્યવાહી કરવા સુચના કરેલ હોય,

આજરોજ તા.૧૬/૧૦/૨૦૧૮ ના પોલીસ ઈન્સ. શ્રી એમ.એન.રાણા તથા પો.સ.ઈન્સ.શ્રી વાય.બી.રાણા, તથા એસ.ઓ.જી. શાખાના પોલીસ કર્મચારીઓ સાથે એસ.ઓ.જી.ને લગતી કામગીરીમા ગોંડલ શહેર વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.સબ ઈન્સ.શ્રી વાય.બી.રાણા નાઓને બાતમીરાહે મળેલ હકિકત આધારે આસીફ મહમદભાઇ સંજાત જાતે મીર રહે.ગોંડલ વાળો ગુંદાળા ચોકડી પાસે ચોરીનુ વાહન લઇને નિકળતા તેને રોકી ચેક કરતા તથા તેની પાસે રહેલ હિરોહોન્ડા મો.સા.ના આધાર-પુરાવા માંગતા નહી હોવાનુ જણાવેલ. જેથી મજકુરની પુછપરછ કરતા પોતે આ વાહન છળકપટથી ચોરીછુપીથી મેળવેલ હોવાની કબુલાત આપતા મો.સા.-૧ કિં.રૂ.૧૫,૦૦૦ ની ગણી કબ્જે કરેલ છે. બાદ પુછપરછ દરમ્યાન પોતાના શોખ પુરા કરવા માટે આવા બીજા ૬(છ) વાહનો ચોરી કરેલાની તથા જુદી જગ્યાએ વેચેલાની કબુલાત આપતા જેમાં હીરોહોન્ડા સ્પ્લેન્ડર મો.સા. ૪(ચાર) તથા એક હોન્ડા એકટીવા તથા એક રોયલ ઇન્ફીલ્ડ બુલેટ એમ કુલ-૭ (સાત) વાહનોની ચોરીની કબુલાત આપતા. આ સાત વાહનોની કુલ કિ.રૂ.૨,૭૫,૦૦૦/- ગણી સી.આર.પી.સી.ક.૧૦૨ મુજબ તમામ મુદામાલ કબ્જે કરી પકડાયેલ ઇસમ આસીફ મહમદભાઇ સંજાત જાતે મીર ઉવ.૨૮ રહે.ગોંડલ વાળાને સી.આર.પી.સી.૪૧(૧)ડી મુજબ અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

**પકડેલ આરોપીનુ નામ** -આસીફ મહમદભાઇ સંજાત જાતે મીર ઉવ.૨૮ રહે.ગોંડલ,સરદાર પટેલ આવાસ યોજના મકાન નં-૩૨૪ તા.ગોંડલ જી. રાજકોટ

**ગુન્હાહિત ઇતિહાસ** –મજકુર આરોપી અગાઉ સને ૨૦૦૮ મા ગોંડલ સીટી પો.સ્ટે. મા ૧૪ વાહન ચોરીના ગુન્હામા પકડાયેલ છે.

**એમ.ઓ.** :- આ કામનો આરોપી કોમ્પલેકસના પાર્કીંગ એરીયામાથી લોક વગરના વાહનને નજર ચુકવી દોરવીને આગળ લઇ જતો પછી વાહનના આગળના ભાગે આવેલ પાવર કેબલ ખેંચીને પોતાની પાસે રહેલા વાયરના ટુકડાથી તેમા રીટર્ન પાવર આપી વાહન ચાલુ કરીને લઇ જવાની એમ.ઓ. ધરાવે છે.

**ડિટેકટ થયેલ ગુન્હાઓની વિગત**–

(૧)ગોંડલ સીટી પો.સ્ટે. ગુ.ર.નં. ૨૯/૧૪ આઇ.પી.સી. કલમ ૩૭૯ મુજબ સ્પ્લેન્ડર મો.સા.-૧ કિ.રૂ. ૪૦,૦૦૦/-

(૨)ગોંડલ સીટી પો.સ્ટે. ગુ.ર.નં. ૪૨/૧૮ આઇ.પી.સી. કલમ ૩૭૯ મુજબએકટીવા મો.સા.-૧ કિં.રૂ. ૧૫,૦૦૦/-

(૩)ગોંડલ સીટી પો.સ્ટે. ગુ.ર.નં. ૪૬/૧૭ આઇ.પી.સી. કલમ ૩૭૯ મુજબસ્પ્લેન્ડર મો.સા.-૧ કિ.રૂ. ૧૫,૦૦૦/-

(૪)ગોંડલ સીટી પો.સ્ટે. ગુ.ર.નં. ૭૨/૧૪ આઇ.પી.સી. કલમ ૩૭૯ મુજબસ્પ્લેન્ડર મો.સા.-૧ કિ.રૂ. ૩૫,૦૦૦/-

(૫)રાજકોટ શહેર પ્ર.નગર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૪૬/૧૮ IPC કલમ ૩૭૯ મુજબ રોયલ એનફિલ્ડ બુલેટ કિ.રૂ.૧,૪૦,૦૦૦/-

(૬)એકાદ વર્ષ પહેલા ગોંડલ વિક્રમસિંહજી કોમ્પલેકસ પાસેથી હીરો સ્પ્લેન્ડર મો.સા.-૧ કિં.રૂ.૧૫,૦૦૦/- ચોરી કરેલ.

(૭) એકાદ વર્ષ પહેલા ગોંડલ ગુંદાળા ફાટક પાસેથી હીરો સ્પ્લેન્ડર મો.સા.-૧ કિં.રૂ.૧૫,૦૦૦/- ચોરી કરેલ.

**કામગીરી કરનાર અધિકારી / કર્મચારીઓ -**

એસ.ઓ.જી રાજકોટ ગ્રામ્યના પોલીસ ઇન્સ્પેક્ટર એમ.એન.રાણા તથા પો.સબ.ઇન્સ વાય.બી.રાણા તથા પો.હેડ કોન્સ.વિજયભાઇ ચાવડા, ઉપેન્દ્રસિહ જાડેજા, અતુલભાઇ ડાભીતથાજયવિરસિંહ રાણા તથાપો.કોન્સ દિનેશભાઇ ગોંડલીયા તથા ધર્મેન્દ્રભાઇ ચાવડા તથા રણજીતભાઇ ધાધલ તથા મયુરભાઇ વિરડા તથા સાહીલભાઇ ખોખર તથા ડ્રા.પો.કો.દિલીપસિંહ જાડેજા એમ બધા સદરહુકામગીરીમારોકાયેલ હતા.

## 2. શાપર વેરાવળમાથી દેશીદારૂનો જથ્થો ઝડપી પાડતી શાપર(વે.) પોલીસ

આજરોજ તા.૧૮/૧૦/૨૦૧૮ના રોજ મ્હે.પોલીસ અધિક્ષક શ્રી બલરામ મીણા સાહેબની સુચનાથી તથા ના.પો.અધિ.ગોંડલ વિભાગના શ્રી એચ.એમ.જાડેજા સા.તથા પો.સબ.ઇન્સ.શાપર(વે) પો.સ્ટે.ના એમ.આર.ગોંડલીયા સા.ના માર્ગદર્શન હેઠળ શાપર(વે) પો.સ્ટે.ના પો.હેડ.કોન્સ.રોહીતભાઇ બકોત્રા તથા પો.કોન્સ.માવજીભાઇ ડાંગર તથા પો.કોન્સ.અનિરૂધ્ધસિંહ જાડેજા તથા પો.કોન્સ.રવિરાજસિંહ ઝાલા તથા પો.કોન્સ.વિજયગીરી ગોસ્વામી વિગેરે બધા પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન **પારડી ગામના પુલ પાસેથી** એક ઓટો રીક્ષા જેની કિ.રૂ.૩૫,૦૦૦/-માં દેશી દારૂ લીટર ૫૦ કિ.રૂ.૧,૦૦૦/- સાથે કુલ કિ.રૂ.૩૬,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પ્રોહી ક.૬૫-ઇ,૯૮(૨),૮૧ મુજબની કાર્યવાહી કરેલ છે.

આરોપીઓ

(૧) વિપુલભાઇ રમેશભાઇ મહેતા રહે.ગોંડલ

## 3. આટકોટ પો.સ્ટે ના મોટા દડવા ગામની સીમમાં જુગાર રમતા ૮ ઇસમોને ઝડપી પાડતી આટકોટ પોલીસ

રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક શ્રી બલરામ મીણા સાહેબ ની સૂચનાથી ગોંડલ Dysp એચ.એમ.જાડેજા સાહેબ તથા આટકોટ પો.સ્ટે ના પી.એસ.આઈ બી.એફ.ચૌધરી સાહેબ ના માર્ગદર્શન હેઠળ પો.હેડ.કોન્સ ગોપાલભાઈ.એમ. ધાધલ તથા પો.કોન્સ હીરાભાઈ.પી.ખાંભલા તથા પો.કોન્સ નરેશભાઈ.એ.રાઠોડ તથા પો.કોન્સ હિતેશભાઈ.આર. ડેરવાળીયા તથા પો.કોન્સ સુરેશભાઈ.એસ.જાપડીયા તથા મહિલા પો.કોન્સ રંજનબેન.બી.ખેરાળા એમ બધા આટકોટ પો.સ્ટે.હાજર હતા અને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે મોટા દડવા ગામથી કાનપર ગામ તરફ જવાના રસ્તે ધર્મેન્દ્ર પૂજભાઈ વાળા દરબાર રહે-મોટા દડવા વાળો પોતાની કબ્જા ભોગવટા ની વાડીના મકાન મા જુગારનો અખાડો ચલાવે છે અને હાલે જુગાર રમવાનું ચાલુ છે તેવી ચોક્કસ હકીકતના આધારે ઉપરના પો.સ્ટાફ સાથે રહી રેઇડ કરતા કુલ આઠ ઈસમો જુગાર રમતા પકડાયેલ જેમાં (૧) ધર્મેન્દ્ર પૂજભાઈ વાળા કાઠી દરબાર ઉ.વ-૩૨ રહે-મોટા દડવા તા-ગોંડલ તથા (૨) ધર્મેન્દ્ર પૂજભાઈ વાળા ભાનુપ્રશાદ માથુરદાસ નિમાવત જાતે- બાવાજી ઉ.વ-૫૦ રહે-મોટા દડવા તા-ગોંડલ તથા (૩) જેન્તીભાઈ ડાયાભાઇ ચોથાણી જાતે-પટેલ ઉ.વ-૫૭ રહે-મોટા દડવા તા-ગોંડલ તથા (૪) રાજેશભાઇ ગાંડુભાઈ ચોથાણી જાતે-પટેલ ઉ.વ-૪૫ રહે-મોટા દડવા તા-ગોંડલ તથા (૫) પરેશભાઈ કરમશીભાઈ લીંબસિયા જાતે-પટેલ ઉ.વ-૩૬ રહે-મોટા દડવા તા-ગોંડલ તથા. તથા (૬)ગિરધરભાઈ જીવરાજભાઈ લીંબસિયા જાતે-પટેલ ઉ.વ-૩૫ રહે-મોટા દડવા તા-ગોંડલ તથાતથા (૭) લાલાભાઈ હાદાભાઈ પરમાર જાતે-અનુ.જાતિ ઉ.વ-૩૦ રહે-જસાપર તા-જસદણ તથા (૮) ખોડાભાઈ પ્રેમજીભાઈ દફડા જાતે-અનુ.જાતિ ઉ.વ-૩૧ રહે-જસાપર તા-જસદણ વાળાઓ પાસેથી રોકડ રકમ રૂ.૧૨૩૫૦/- કબ્જે કરી જુગારધારા કલમ-૪,૫ મુજબ ગુન્હો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરેલ છે.

4. <u>પરપ્રાંતિય ભારતીય બનાવટની ઇંગ્લીશ દારૂની બોટલ નં 600 ભરેલ સ્કોર્પિયો કાર ઝડપી પાડી ગણનાપાત્ર કેસ પકડી પાડતી પડધરી પોલીસ</u>

મ્હે પોલીસ અધિક્ષકશ્રી રાજકોટ ગ્રામ્ય બલરામ મીણા સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષક શ્રી ગોંડલ ડિવિઝન એચ. એમ. જાડેજા સાહેબની સુચના મુજબ પો.સ્ટે વિસ્તારમાં પ્રોહી જુગાર અંગે ની બદીને સંપૂર્ણ રીતે નેસ્ત નાબુદ કરવા પ્રોહી તથા જુગારની ડ્રાઇવ રાખવામાં આવેલ હોય જે અન્વયે પડધરી પો. સ્ટેના પો.સબ.ઇન્સ શ્રી જે વી વાઢિયા તથા સ્ટાફ નાઈટ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન પો સબ ઇન્સ શ્રી જે વી વાઢીયા સાહેબ ને મળેલ હકીકત આધારે પડધરી પો. સ્ટેશનના વિસામણ ગામના પુલ પાસેથી કાળા કલરની સ્કોર્પિયો કાર માંથી નીચે મુજબ નો પરપ્રાંતીય ઇગ્લીશ દારૂનો જથ્થો પકડી પાડી ધોરણ કાર્યવાહી કરવામાં આવેલ છે.પાર્ટી સ્પેશિયલ ડીલક્ષ વિસ્કી 750 ML કંપની સીલપેક બોટલ ફોર સેલ ઇન અરૂણાચલ પ્રદેશ ઓન્લી લખેલ કાચની બોટલ નંગ - 600 પેટી નંગ 50 કિ.રૂ. 1,80,000/- ઉપરોકત પરપ્રાંતિય ઇંગ્લિશ દારૂની હેરાફેરીમાં ઉપયોગ કરેલ કાળા કલરની સ્કોર્પિયો કાર રજી. નં. GJ-24-A 3544 કિ.રૂ. 3,00,000/- તથા બોટલ નંગ 600 કિ.રૂ. 1,80,000/- કુલ મુદ્દામાલ રૂ 4,80,000/-નો મુદ્દામાલ મળી આવેલ છે તેમજ સદર કાર મુકી નાશી જનાર ચાલક પકડવા પર બાકી રાખેલ છે

આ કામગીરીમાં પો.સબ.ઇન્સ શ્રી જે. વી. વાઢીયા તથા એ.એસ.આઇ પી.એમ. મંડલી તથા પો.કોન્સ સંજયસિંહ, યુવરાજસિંહ,જયેન્દ્રસિંહ, પ્રભાતભાઈ, અજયભાઈ , હિતેશભાઈ, ડ્રાઈવર અયુબખાન વિગેરે જોડાયા હતા

5. <u>ગોંડલ તાલુકાના મોવિયા ગામે રૂ. 93600 નો બિયર નો જથ્થો ઝડપાયો..</u>

રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક શ્રી બલરામ મીના સાહેબ ની સૂચનાથી ગોંડલ Dysp એચ.એમ.જાડેજા સાહેબ ના માર્ગદર્શન હેઠળ ગોંડલ તાલુકા પો.સ્ટે.ના.ઇન્ચાર્જ પીઆઇ અજયસિંહ જાડેજા સાહેબ તથા પીએસઆઇ હરિયાણી, HC હરિચન્દ્રસિંહ ઝાલા, HC ધર્મેન્દ્રસિંહ જાડેજા, , પ્રણવભાઈ વાલાણી, PC પ્રકાશભાઈ પરમાર સહિતના ગોંડલ તાલુકા પો સ્ટે.વિસ્તારમાં પેટ્રોલિંગમાં તે દરમિયાન ગોંડલ ના મોવિયા ગામ પાસે આવેલ ઠંડાપીણાની ફેક્ટરી પાસે બોટલો ભરવા આવેલ ટ્રકમાં વિપુલ પ્રમાણમાં બિયરનો જથ્થો પકડી પાડી ટ્રકની તલાશી લેતા તેમાંથી બિયર ટીન 936 નંગ કી.રૂ. 93600/- તથા એક મોબાઈલ કી.રૂ. 3000/- તથા આઇસર ગાડી નં GJ03AT 2804 કી.રૂ. 5 લાખ કુલ મળીને 596600/- મુદ્દામાલ કબ્જે કરી ટ્રક ચાલક શોકતભાઈ સલીમભાઈ જલાલ જાતે ફકીર રહે કોઠારીયા સોલ્વન્ટ રાજકોટ ની ધરપકડ કરી વધુ પૂછપરછ હાથ ધરી હતી. જ્યારે એક શખ્સ નાશી છૂટ્યો હોય તેને ઝડપવા ચક્રો ગતિમાન કર્યા હતા.

6. <u>ખુનનો ભેદ ઉકેલતી લોધીકા પોલીસ</u>

મેટોડા જી.આઇ.ડી.સી નજીક સંજય મનજીભાઇ વાગડીયા રહે.રાતૈયા તા.લોધીકા વાળાનુ થયેલ ખુનનો ભેદ લોધીકા પોલીસે ઉકેલી નાંખતા રાજકોટ શહેરમાં કોઠારીયા નજીક શકતિ નગરમાં મુસ્લીમ શખ્શની થયેલ વણ ઉકેલ હત્યાનો ભેદ ઉકેલાયો. તા.૧૭/૧૦/૨૦૧૮ના રાત્રીના પોણા દસેક વાગ્યાના અરસામાં રાજકોટ કાલાવડ રોડ ઉપર મેટોડા ગામના પાટીયા નજીક સંજયભાઇ મનજીભાઇ વાગડીયા રહે.રાતૈયા તા.લોધીકા વાળાનું અજાણ્યા શખ્શોએ છરી જેવા તીક્ષ્ણ હથીયાર વડે હત્યા કર્યાની ફરીયાદ દીલીપભાઇ ધનજીભાઇ વાગડીયા રહે.રાતૈયા વાળાએ તા.૧૮/૧૦/૨૦૧૮ના રોજ લોધીકા પોલીસમાં જાહેર કરતા આ કામે પોલીસ અધિક્ષક સાહેબ શ્રી બલરામ મીણા સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષક સાહેબશ્રી એચ.એમ જાડેજા સાહેબના સીધા માર્ગદર્શન હેઠળ પો.સબ.ઇન્સ શ્રી એચ.પી.ગઢવી સાહેબે તથા પ્રો.પો.સબ.ઇન્સશ્રી જે.યુ.ગોહિલ સાહેબ તથા એ.એસ.આઇ ગજરાજસિહ ચંદુભા જાડેજા પ્રો.એ.એસ.આઇ સુરભીબેન કેશવાલા તથા

પો.હેડ.કોન્સ ખોડુભા જાડેજા તથા પો.કોન્સ ઉપેન્દ્રસિંહ ગોહિલ, લગધીરસિંહ જાડેજા તથા શીવભદ્રસિંહ ગોહિલ તથા જયરાજભાઇ સોનારા તથા અનીલભાઇ પટેલ તથા ઋતુરાજસિંહ જાડેજા વિગેરે માણસોની જુદી જુદી ટીમો બનાવી તપાસ કરતા લોધીકા કયુ.આર.ટી ટીમના પો.કોન્સ જયરાજભાઇ સોનારા તથા શીવભદ્રસિંહ ગોહિલને આ હત્યા કીશનભાઇ સુરેશભાઇ વાજા જાતે.વાણંદ રહે.મેટોડા જીઆઇડીસી વાળાએ કરેલાની ખાનગી રાહે હકીકત મળતા તેને દબોચી લેતા આ હત્યા પોતે તથા સાગર પ્રવિણભાઇ બખતરીયા રહે.કોઠારીયા સોલ્વન્ટ ગુલાબ નગર વાળાએ મળીને કરેલ હોવાનું જણાંવતા સહ આરોપી સાગર પ્રવિણભાઇ લખતરીયાની રાજકોટ તપાસ કરવા જતા જાણવા મળેલ કે સાગર પ્રવિણભાઇ ને રાજકોટ શહેર પોલીસે મુસ્લીમ શખ્સની હત્યામાં દબોચી લીઘેલ છે અને આરોપી કીશન સુરેશભાઇ વાજાની ધરપકડ કરી પુછપરછ કરી આગળની પો.સબ.ઇન્સ એચ.પી.ગઢવી સાહેબે હાથ ધરેલ છે.

## 7. <u>વાહન ચેકીંગ દરમ્યાન દેશી દારૂ પકડી પાડતી વિરપુર (જલારામ) પોલીસ</u>

રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક શ્રી બલરામ મીણા સાહેબ દ્વારા વિરપુર (જલારામ) પો.સ્ટે વિસ્તારમાં પ્રોહિબીશન અને જુગાર ના સફળ કેસો શોધી અસામાજીક પ્રવૃતી સદંતર નેસ્તનાબુદ કરવા સારૂ સુચના આપવામાં આવેલ. જે અંગે નાયબ પોલીસ અધિક્ષક જે. એમ. ભરવાડ સાહેબ, જેતપુર વિભાગ તથા કે. આર. રાવત સાહેબ, સર્કલ પોલીસ ઈન્સપેક્ટર, ધોરાજી વિભાગ નાઓના માર્ગદર્શન થી વિરપુર પો.સ્ટે ના પો.સબ.ઈન્સ શ્રી વી.બી.ચૌહાણ સા તથા પોલીસ સ્ટાફના માણસો પ્રોહી અને જુગારના કેસો પકડી પાડવા આજરોજ તા: ૧૯/૧૦/૨૦૧૮ ના રોજ વાહન ચેકીંગમાં હોય તે દરમ્યાન પો.સ્ટે ના પો.સબ.ઈન્સ શ્રી વી.બી.ચૌહાણ નાઓને બાતમી હકીકત મળેલ કે ગોંડલ તરફથી એક બોલેરો(માલવાહક) સફેદ કલરનો દેશી દારૂ લઇ આવે છે તેવી વાતમી હોય જેથી તેને રોકી ચેક કરતા પ્રવાહી ભરેલ બાચકા આશરે ૧૫૦ લીટર કિ રૂ ૩૦૦૦/- તથા બોલેરો(માલવાહક) કિ રૂ ૨,૦૦,૦૦/- મળી કુલ મુદ્દામાલ કિ.રૂ. ૨,૦૩,૦૦૦/- મળી આવેલ છે જેમા આરોપી (૧) સાગર અમરસિંહ પરમાર જાતે વઘેરા અનુજાતી ઉવ. ૨૨ ધંધો ડ્રાઇવિંગ રહે નવાગઢ જનતા નગર -૨ તા. જેતપુર(૨) અનીલ મીઠુભાઇ સોલંકી જાતે વાજાં ઉવ ૩૦ ધંધો મજુરી રહે નવાગઢ જનતા નગર -૨ તા. જેતપુર (૩) અશોકભાઇ બચુભાઇ પરમાર જાતે વાજાં ઉવ ૪૨ ધંધો મજુરી રહે નવાગઢ જનતા નગર -૨ તા. જેતપુર(૪) ગીતાબેન દિનેશભાઇ પરમાર જાતે વાજાં ઉવ ૪૨ ધંધો મજુરી રહે નવાગઢ જનતા નગર -૨ તા. જેતપુર (૫) મધુબેન રાજુભાઇ સોલંકી જાતે વાજાં રહે નવાગઢ જનતા નગર -૨ તા. જેતપુર (૬) વિજયભાઇ રહે ગોંડલ જેમા આરોપી નં (૬) પકડવા પર બાકી છે તેમજ કુલ દેશી દારૂ ૧૫૦ લીટર દેશી દારૂ, કુલ કિ.રૂ. ૩૦૦૦/- તથા બોલેરો(માલવાહક) કિ.રૂ. ૨,૦૦,૦૦૦/- મળી કુલ મુદ્દામાલ કિ.રૂ. ૨,૦૩,૦૦૦/- ચેક કરતા મળી આવતા પ્રોહિ કેસ રજિસ્ટર્ડ કરી આરોપીઓ વિરુધ્ધ પ્રોહીબીશન એક્ટ અન્વયે કાયદેસર કાર્યવાહી કરેલ.

સદરહુ કામગીરી વિરપુર(જલારામ) પો.સ્ટે ના પો.સબ.ઈન્સ શ્રી વી. બી.ચૌહાણ તથા ASI રણછોડભાઈ અરજણભાઈ તથા UHC રમણીકભાઇ સોલંકી તથા એલ.આર.ડી જયેશકુમાર ચાવડા તથા પરાક્રમસિંહ ચુડાસમા તથા વુ.એલ.આર.ડી. રજનીબેન અગ્રાવત તથા ડ્રા.PC અરવિંદસિંહ જાડેજા વિગેરેનાઓએ ટીમવર્કથી કરેલ છે

## 8. <u>તા.૧૬/૧૦/૨૦૧૮ ના રોજ ઉપલેટા પો.સ્ટે. વિસ્તારમાં ક્રિષ્ના શૈક્ષણિક સંકુલ માંથી મળી આવેલ બોમ્બ ના માસ્ટર માઇંડને પકડી પાડી તથા સને- ૧૯૯૯ માંઉપલેટામાં થયેલ બોમ્બ બ્લાસ્ટ માં ડબલ મર્ડર નો ભેદ ઉકેલતી રાજકોટ ગ્રામ્ય પોલીસ</u>

ગઇ તા.૧૬/૧૦/૨૦૧૮ ના રોજ વલ્લભભાઇ રત્નાભાઇ ડોબરીયા જાતે.પટેલ રહે.ઉપલેટા જુના પોરબંદર રોડ વાળાએ ઉપલેટા પો.સ્ટે.માં જાહેરાત કરેલ કે, ઉપલેટા પોરબંદર રોડ ઉપર આવેલ પોતાની ક્રિષ્ના શૈક્ષણિક સંકુલ નામની સ્કુલમાં તા.૧૨/૧૦/૨૦૧૮ ના રોજ એક ગીફટ પાર્સલ સરપ્રાઇઝ લેટર સાથે આવેલ જે પોતે તા.૧૬/૧૦/૨૦૧૮ ના રોજ ખોલતા તેમાં વાયરીંગ કરેલ સર્કીટ તથા સ્વીચ જોવા મળતા જે બોમ્બ હોવાનું અનુમાન થતા પોતે પોલીસ સ્ટેશનમાં ટેલીફોનીક જાણ કરેલ જે અન્વયે પોલીસ અધિક્ષકશ્રી બલરામ મીણા સાહેબ તથાજે.એમ.ભરવાડનાયબ પોલીસ અધિક્ષકશ્રી જેતપુર તથા એચ.જી.પલ્લાચાર્ય પો.ઇન્સ. ઉપલેટા પો.સ્ટે. તથા રાજકોટ ગ્રામ્ય એસ.ઓ.જી. તથા એલ.સી.બી. શાખાના અધિકારી અને સ્ટાફ દ્વારા બનાવ સ્થળની વિઝીટ કરી વિસ્ફોટક પદાર્થ હવાલામાં લઇ બોમ્બ સ્કોડ તથા એફ.એસ.એલ. દ્વારા સુરક્ષિત સ્થળે લઇ જઇ વિસ્ફોટ કરાવી નાશ કરવામા આવેલ અને આ બાબતેની તપાસ હાથ ધરવામાં આવેલ હતી. બાદ તા.૧૭/૧૦/૨૦૧૮ ના રોજ વલ્લભભાઇ રત્નાભાઇ ડોબરીયા જાતે.પટેલ રહે.ઉપલેટા વાળાએ કોઇ અજાણ્યા ઇસમએ પોતાને તથા પોતાના પરીવારને જાનથી મારી નાંખવાના ઇરાદે કાવત્રુ રચી ગીફટ પેકીંગમાં વિસ્ફોટક પદાર્થ મોકલેલ હોવાની ફરીયાદ જાહેર કરતા ઉપલેટા પો.સ્ટે. ફ. ગુ.ર.નં. ૬૩/૨૦૧૮ આઇ.પી.સી. કલમ ૩૦૭, ૧૨૦(બી) તથા વિસ્ફોટક પદાર્થ અધિનિયમ ની કલમ ૯(બી), ૪, ૫, ૬ મુજબ અજાણ્યા માણસ વિરૂધ્ધ ગુન્હો રજીસ્ટર કરવામાં આવેલ હતો.

**તપાસ કરનાર અધિકારી** - શ્રી એચ.જી.પલ્લાચાર્યપો.ઇન્સ.શ્રી ઉપલેટા પો.સ્ટે.

- **તપાસ ની ટીમો-**
- શ્રી જે.એમ.ભરવાડ નાયબ પોલીસ અધિક્ષક જેતપુર તથા તેમનો સ્ટાફ
  - સમગ્ર તપાસનું સુપરવિઝન
  - ફરીયાદી તથા તેમના પરીવારજનો ની પુછપરછ
  - ફરીયાદીની સંસ્થા ક્રિષ્ના શૈક્ષણિક સંકુલ માં ફરજ બજાવતા કર્મચારીની પુછપરછ
- શ્રી એમ.એન.રાણા પોલીસ ઇન્સ. એસ.ઓ.જી તથા તેમનો સ્ટાફ
  - મટરીયલ્સની તપાસ
  - બનાવવામા વપરાયેલ સાધન સામગ્રી બાબતેની તપાસ
  - ફરીયાદી ને જુની અદાવત હોય તો તે બાબતેની તપાસ એક્સપ્લોઝીવ
- શ્રી એચ.જી.પલ્લાચાર્ય પોલીસ ઇન્સ. ઉપલેટા તથા તેમનો સ્ટાફ
  - જાણવાજોગ ની તપાસ
  - ફરીયાદીની ફરીયાદ આધારે પંચનામાતથા નિવેદનો તથા ઇન્વેસ્ટીગેશન
- શ્રી વાય.બી.રાણા પોલીસ સબ ઇન્સ. એસ.ઓ.જી તથા તેમનો સ્ટાફ
  - ફરીયાદી ના ભુતકાળ તથા વર્તમાનના તમામ ભાગીદારોની તપાસ
  - ફરીયાદીની સ્કુલ તથા અન્ય પ્રોપર્ટીની તપાસ
- શ્રી જે.એમ.ચાવડા ઇન્ચાર્જ પોલીસ ઇન્સ. એલ.સી.બી. તથા તેમનો સ્ટાફ
  - કુરીયર સર્વીસ બાબતેની તપાસ
  - ગુન્હા સબંધે તમામ પ્રકારનો ટેકનીકલ સપોર્ટ પુરોપાડવો
- શ્રી એચ.એ.જાડેજા પોલીસ સબ ઇન્સ. એલ.સી.બી. તથા તેમનો સ્ટાફ
  - ફરીયાદીના વતનમા તપાસ
  - સી.સી.ટી.વી. ફુટેજ ચેક કરવા
- શ્રી યુ.એચ.વસાવા પોલીસ સબ ઇન્સ. પેરોલ ફર્લો સ્કોડ તથા તેમનો સ્ટાફ
  - ફરીયાદી ની સ્કુલ કેમ્પલમાં તપાસ
  - ક્રિષ્ના શૈક્ષણિક સંકુલમાં અભ્યાસ કરતા વિધર્થીની તપાસ
- આમ, તમામ દિશામા તપાસ હાથ ધવામાં આવેલ હતી
- જે દરમ્યાન ફરીયાદી વલ્લભભાઇ રત્નાભાઇ ડોબરીયા ને નાથાભાઇ રવજીભાઇ ડોબરીયા રહે.રાજકોટ મુળ.ઉપલેટા વાળા સાથે ઉપલેટા ખાતેના મકાન બાબતે વાંધો હોવાનું જણાય આવેલ

- જે આધારે નાથાભાઇ રવજીભાઇ ડોબરીયા રહે.રાજકોટ મુળ.ઉપલેટા વાળાને હસ્તગત કરી તેઓની યુકિત પ્રયુકિતથી સઘન પુછપરછ કરવામા આવેલ.
- તેમજ સને-૧૯૯૯ માં ઉપલેટા માં બોમ્બ બ્લાસ્ટ થયેલ હતો જે ગુન્હો પણ વણશોધાયેલ હોય જેથી તે ગુન્હાના કેસ કાગળોનો અભ્યાસ કરતા તેમા આરોપીનું સ્કેચ બનાવવામાં આવેલ હોય
- તેમજ તાજેતરમા બનેલ બનાવમાં સી.સી.ટી.વી. ફુટેજમા જે શંકાસ્પદ વ્યકિત જોવામાં આવે છે તે સને-૧૯૯૯ ના સ્કેચને મળતુ આવતુ હોવાનું જણાયેલ.
- જેથી આ બન્ને ગુન્હા સબંધે ઉંડાણપુર્વક સઘન પુછપરછ કરતા આરોપીએ પોતે આ બન્ને ગુન્હા કરેલ હોવાની કબુલાત આપેલ છે.
- **અટક કરેલ આરોપી**-

  (૧) નાથાભાઇ રવજીભાઇ ડોબરીયા જાતે.પટેલ ઉ.વ.૬૮ રહે.રાજકોટ, નાનામવા રોડ, મહાત્મા ગાંધી સ્કુલ પાછળ, પંચ રત્ન એપાર્ટમેન્ટ નં.૪, બલોક નં.૪૦૧ મુળ.ઉપલેટા

**9. રેવાણીયા ગામ ખાતેથી ભારતીય બનાવટનો ઇંગલિશ દારૂ શોધી કાઢતી વિછીયા પોલીસ**

રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક શ્રી બલરામ મીણા સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષક શ્રી એચ.એમ.જાડેજા સાહેબ, ગોંડલ વિભાગ તથા CPI એલ.એલ.ભટ્ટ સાહેબ,* જસદણ વિભાગ નાઓએ વિંછીયા પો.સ્ટે વિસ્તારમાં પ્રોહિબીશન તેમજ જુગાર સબંધી ગુન્હાઓ શોધી કાઢવા આપેલ સુચનાઓ અન્વયે આજરોજ તા: ૨૦/૧૦/૧૮ ના રોજ વિંછીયા પો.સ્ટે ના પો.સબ.ઈન્સ વી.એમ. કોલાદરા સા તથા ડ્રા.પી.સી. રવિરજસીહ ઝાલા પો.કોન્સ.વિજયભાઈ રંગપરા પો.કોન્સ . હિતેશભાઈ સોયા, પો.કોન્સ.સુભાષભાઈ ડાભી એમ બધા પ્રોહી,જુગાર અંગે પેટ્રોલિંગ માં હતા દરમ્યાન બાતમી રાહે હકીકત મળેલ કે રેવાણિયા ગામમાં રહેતો મુકેશ મગનભાઈ મેર પોતાના રહેણાક મકાને ગેર કાયદેસર રીતે ભારતીય બનાવટનો ઇંગલિશ દારૂ રાખી વેચાણ કરે છે આવી હકીકત મળતા તુર્તજ બાતમી વાળી જગ્યા એ ઉપરોક્ત પોલીસ કર્મચારી સાથે રેઇડ કરતા મજકુર ઇસમ ના રહેણાક મકાન ની ઓરડી માંથી ભારતીય બનાવટનો ઇંગલિશ દારૂ પાર્ટી સ્પેશ્યલ ડિલક્સ વ્હિસ્કી ૭૫૦-એમ.એલ. બોટલ નંગ-૯૭ કિંમત ₹.૩૮૮૦૦/- તથા ક્રેઝી રોમિયો વ્હિસ્કી ૧૮૦-એમ.એલ. બોટલ નંગ-૯૭ કિંમત ₹.૯૭૦૦/- તથા એક સેમસંગ કંપની ના મોબાઈલ કિંમત ₹.૫૦૦/- સાથે રેઇડ દરમ્યાન ભાગવા જતા સાથે ના પો કર્મચારીઓ એ પકડી પાડી કુલ મુદ્દામાલ ₹.૪૯૦૦૦/- સાથે મળી આવતા ગુજરાત પ્રોહિબીશન એકટ કલમ ૬૫-એ, ઇ, ૧૧૬-બી, મુજબ ગુન્હો દાખલ કરી ધોરણસર અટક કરેલ છે. આ ગુન્હાની આગળ ની તપાસ વી.એમ કોલાદરા પો.સબ.ઇન્સ.વિંછીયા પો. સ્ટે.નાઓ કરી રહ્યા છે.

સદરહુ કામગીરી વિંછીયા પો. સ્ટે.ના પો.સબ.ઈન્સ વી.એમ. કોલાદરા સા તથા ડ્રા.પી.સી. રવિરજસીહ ઝાલા પો.કોન્સ.વિજયભાઈ રંગપરા પો.કોન્સ . હિતેશભાઈ સોયા, પો.કોન્સ.સુભાષભાઈ ડાભી વિગેરેનાઓએ ભેગા મળી ટીમ વર્કથી કરેલ છે*

**10. રેવાણીયા ગામ ખાતેથી જુગાર નો કેસ શોધી કાઢતી વિછીયા પોલીસ**

રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક શ્રી બલરામ મીણા સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષક શ્રી એચ.એમ.જાડેજા સાહેબ, ગોંડલ વિભાગ તથા CPI એલ.એલ.ભટ્ટ સાહેબ,* જસદણ વિભાગ નાઓએ વિંછીયા પો.સ્ટે વિસ્તારમાં પ્રોહિબીશન તેમજ જુગાર સબંધી ગુન્હાઓ શોધી કાઢવા આપેલ સુચનાઓ અન્વયે આજરોજ તા: ૨૦/૧૦/૧૮ ના રોજ *વિંછીયા પોલીસ સ્ટેશન ના પો.સબ. ઇન્સ. શ્રી વી.એમ.કોલાદરા ડ્રા.પી.સી. રવિરજસીહ ઝાલા પો.કોન્સ.વિજયભાઈ રંગપરા પો.કોન્સ.નવીનભાઈ મેર પો.કોન્સ. હિતેશભાઈ સોયા, પો.કોન્સ. રીઝવાંનભાઈ, પો.કોન્સ.દિપકભાઈ, એમ બધા પ્રોહી,જુગાર અંગે પેટ્રોલિંગ માં હતા દરમ્યાન બાતમી રાહે હકીકત મળેલ કે છસિયા ગામે અમુક ઈસમો પૈસા પાના વતી તીન પતિ નો જુગાર રમી રહ્યા છે આવી હકીકત મળતા તુર્તજ

બાતમી વાળી જગ્યા એ રેઇડ કરતા પાંચ ઈસમો જાહેરમાં ગોળ કુંડાળું વળી પૈસા પાના વતી જુગાર રમતા જોવામાં આવતા તુર્તજ રેઇડ કરી ૧.ગોરધન ઓઘા ભાલાળા, ૨.વલ્લભ શામજી ખોડાની ૩.શિવરાજ ભના સરવૈયા ૪.દિનેશ કેશું ઝપડિયા ૫.ભારત છગન જોગરજીયા રહે બધા. છસિયા તા.વિંછીયા વાળાને રોકડ ₹-૧૦૨૬૦/- તથા મોબાઈલ ફોન ૫. કી.₹-૭૫૦૦ કુલ મુદ્દામાલ ₹-૧૭૭૬૦/- સાથે મળી આવતા જુગાર ધારાની કલમ ૧૨ ગુન્હો દાખલ કરી ધોરણસર અટક કરેલ છે.

સદરહુ કામગીરી વિંછીયા પો. સ્ટે.ના પો.સબ.ઈન્સ વી.એમ. કોલાદરા સા તથા ડ્રા.પી.સી. રવિરજસીહ ઝાલા પો.કોન્સ.વિજયભાઈ રંગપરા પો.કોન્સ . હિતેશભાઈ સોયા, પો.કોન્સ.સુભાષભાઈ ડાભી પો.કોન્સ.નવીનભાઈ મેર વિગેરેનાઓએ ભેગા મળી ટીમ વર્કથી કરેલ છે*

**11. <u>દેશી દારૂનો જથ્થો પકડી પાડતી ઉપલેટા પોલીસ</u>**

રાજકોટ ગ્રામ્ય જીલ્લાના પોલીસ અધિક્ષક શ્રી બલરામ મીણા સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષક જે.એમ.ભરવાડ સાહેબ જેતપુર વિભાગનાઓ તરફથી દારૂ તથા જુગારની બદીને સંપૂર્ણ રીતે નેસ્ત નાબુદ કરવા માટે આપેલ સુચના અન્વયે ઉપલેટા પો.સ્ટે.ના પો.ઇન્સ. શ્રી એચ.જી.પલ્લાચાર્ય સાહેબના માર્ગદર્શન હેઠળ ઉપલેટા પોલીસ સ્ટાફના માણસો પો.સ્ટે.વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન ખાનગીરાહે મળેલ હકીકત આધારે રાજકોટ પોરબંદર નેશનલ હાઈવે કોલકી રોડ ઓવરબ્રિજ પાસેથી એક સફેદ કલરની વેરના કાર જેના આરટીઓ રજી નંબર Gj 18 AC 4206 માંથી દેશી દારૂ લીટર 440 કી રૂ. 8800/- તથા કાર ની કી રૂ 200000/- મળી કુલ 208800/- નો મુદ્દામાલ કબ્જે કરેલ છે અને સદરહુ કાર રેઢી મૂકી નાસી જનાર ઈસમ ને પકડી પાડવા ચક્રો ગતિમાન કરેલ છે

આ કામગીરીમા પો.હેડ.કોન્સ. શક્તિસિંહ જાડેજા તથા નીલેશ ભાઈ ચાવડા પો.કોન્સ વિશાલભાઈ હુણ તથા હરેશભાઇ બારીયા તથા ગગુભાઈ ચારણ તથા કનકસિંહ જાડેજા તથા યુવરાજસિંહ જાડેજાવિગેરે સ્ટાફના જોડાયા હતા.

----------------END ------------------